Extra No. 213

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXI ] TUESDAY, SEPTEMBER 22, 2020 / BHADRA 31, 1942**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૦.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આદિજાતિ વિકાસ વિભાગના** તારીખઃ **૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના** સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએસ/એસએચ/૦૧/એજેપી/ ૧૦૨૦૧૮/૪૧૯/ચ.** –નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Gujarat Scheduled Tribes (Regulation of Issuance and Verification of Certificates) Rules, 2020.**

**ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો, ૨૦૨૦ સંબંધી**

**જાહેરનામું.**

**આદિજાતિ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૦.

**ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ, ૨૦૧૮.**

**ક્રમાંકઃ જીએસ/એસએચ/૦૧/એજેપી/૧૦૨૦૧૮/૪૧૯/ચ:–** ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ, ૨૦૧૮ (સન ૨૦૧૮ના ગુજરાતના ૧૯મા)ની કલમ ૧૮ની પેટા–કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, આદિજાતિ વિકાસ વિભાગના તારીખ: ૭મી માર્ચ, ૨૦૧૯ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએસ/એસએચ/૦૮/એજેપી/૧૦૨૦૧૮/૪૧૯/ચ. હેઠળ તારીખ: ૭મી માર્ચ, ૨૦૧૯ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪–ખ–માં પાના ૭૩–૧ થી ૭૩–૨૬માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સરકારે સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં મેળવેલા સૂચનો અથવા વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ, ૨૦૧૮ (સન ૨૦૧૮ના ગુજરાતના ૧૯મા)ની કલમ ૧૮ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:–

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.–**

(૧) આ નિયમો ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા.–**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ, ૨૦૧૮ (સન ૨૦૧૮નો ગુજરાતના ૧૯મો);

(ખ) "અપીલ સત્તાધિકારી" એટલે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવાની અરજી નામંજૂર કરવા અંગેના સક્ષમ સત્તાધિકારીના હુકમ વિરૂદ્ધની અપીલની સુનાવણી કરવા

અને તેનો નિર્ણય કરવા, અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમ (૧) હેઠળ રાજપત્રમાં જાહેરનામાથી, સરકારે, નિર્દિષ્ટ કરેલા અધિકારી અથવા સત્તાધિકારી;

(ગ) "અરજદાર" એટલે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટે અથવા આવા પ્રમાણપત્રની ખરાઈ કરાવવા માટે અરજી કરનાર વ્યક્તિઓ;

(ઘ) "સક્ષમ સત્તાધિકારી" એટલે સરકારે, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર માટે અને તેવા હેતુ માટે, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવા માટે, અધિકૃત કરેલા અધિકારી અથવા સત્તાધિકારી;

(ચ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(છ) "રાષ્ટ્રપતિનો હુકમ" એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૨ હેઠળ ભારતના રાષ્ટ્રપતિએ બહાર પાડેલો અને સંસદે વખતોવખત સુધાર્યા પ્રમાણેનો, ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત આદિજાતિઓની યાદી જાહેર કરતો હુકમ;

(જ) "સગાસંબંધી" એટલે અરજદારના પિતૃપક્ષના લોહીનું સગપણ ધરાવતા સગાસંબંધી;

(ઝ) "અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર" એટલે અરજદાર જે અનુસૂચિત આદિજાતિનો હોય તે આદિજાતિ દર્શાવતું સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલું પ્રમાણપત્ર;

(ટ) "ચકાસણી સમિતિ" એટલે જાતિ પ્રમાણપત્રની ખરાઈ કરવા માટે અને અધિનિયમ હેઠળની ચકાસણી સમિતિના કાર્યો કરવા માટે, અધિનિયમની કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ, રાજપત્રમાં જાહેરનામાથી રચાયેલ સમિતિ અથવા સમિતિઓ;

(ઠ) "માન્યતા પ્રમાણપત્ર" એટલે સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રને માન્ય ઠરાવતું, અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિએ કાઢી આપેલું પ્રમાણપત્ર;

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં તેમનો અનુક્રમે જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

**૩. સક્ષમ સત્તાધિકારી પાસેથી અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટેની કાર્યરીતિ.-**

(૧) અનુસૂચિત આદિજાતિઓ પૈકીની કોઈ આદિજાતિની હોવાનો દાવો કરતી અને તદનુસારનું અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા ઈચ્છતી વ્યકિતએ, સક્ષમ સત્તાધિકારીને, પોતાની અરજી નમૂના ક-માં કરવી જોઈશે.

(૨) અરજદારે અરજીની સાથે,-

(ક) જેમાં પોતે હોવાનો દાવો કરતી હોય તેવી અનુસૂચિત આદિજાતિ, આદિજાતિ સમુદાય, આદિજાતિનો ભાગ અથવા જૂથની વિગતો;

(ખ) જ્યાંથી પોતે મૂળ રીતે આવેલા હોય તે સ્થળ;

(ગ) અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટે તેણે ગુજરાત રાજ્યમાં અથવા અન્ય કોઈ રાજ્યમાં અરજી કરેલ છે કે કેમ;

(ઘ) ગુજરાત રાજ્યમાં અથવા અન્ય કોઈ રાજ્યમાં તેના કોઈ નજીકના સગાસંબંધીને અનુસૂચિત આદિજાતિનું પ્રમાણપત્ર કાઢી આપ્યું હતું અથવા કાઢી આપવાનો ઈનકાર કર્યો હતો કે કેમ;

તેની વિગતો જણાવતું નમૂના ક–૧માં સોગંદનામું, અધિકૃત કરેલા અધિકારી અથવા કોર્ટ સમક્ષ શપથ લઇને, દાખલ (ફાઇલ) કરવાનું રહેશે;

(૩) અરજદારે, અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટે પોતાની અરજીની સાથે નીચેના દસ્તાવેજોની પ્રમાણિત નકલો રજૂ કરવી જોઇશે અને સક્ષમ સત્તાધિકારી દ્વારા માંગણી થયેથી, તેની અસલ નકલો રજૂ કરવી જોઇશે:–

(ક) (૧) અરજદાર, તેના પિતા અથવા પિતૃપક્ષમાંથી વડીલ (વયસ્ક) સગાસંબંધીના સંબંધમાં, જન્મ રજિસ્ટરનો ઉતારો;

(૨) અરજદાર, તેના પિતા અથવા દાદા અથવા પરદાદાનો પ્રાથમિક શાળા પ્રવેશ રજિસ્ટરનો ઉતારો, જે કોઇપણ લાગુ પડતો હોય તે; અને

(૩) અરજદાર અને તેના પિતા અથવા દાદા અથવા પરદાદાનું પ્રાથમિક શાળાંત (શાળા છોડ્યાનું) પ્રમાણપત્ર, જે કોઇપણ લાગુ પડતું હોય તે;

(ખ) એવી અનુસૂચિત આદિજાતિના હુકમના જાહેરનામાની તારીખ પહેલાંના અનુસૂચિત આદિજાતિ અને કાયમી રહેઠાણના સ્થળના સંબંધમાં દસ્તાવેજી પુરાવો;

(ગ) સરકારી અથવા અન્ય કોઇ સેવામાં હોય તેવા અરજદારના પિતા અથવા દાદા અથવા પરદાદા અથવા લોહીનું સગપણ ધરાવતા સગાસંબંધીઓની આદિજાતિ જણાવતા સેવા રેકર્ડ (પોથી)નો ઉતારો;

(ઘ) ચકાસણી સમિતિએ આપેલું, અરજદારના પિતા અથવા સગા કાકા અથવા પિતૃપક્ષમાંથી બીજા કોઇ વડીલ (વયસ્ક) સગાસંબંધીનું માન્યતા પ્રમાણપત્ર, કોઇ હોય, તો તે;

(ચ) મહેસૂલ રેકર્ડ અથવા ગ્રામ પંચાયતનું રેકર્ડ, કોઇ હોય તો, તે; અને

(૪) અરજદાર, ખંડો (ક) થી (ચ)માં જણાવેલા કોઇ એક અથવા વધારે દસ્તાવેજો રજૂ કરી શકે નહિ તેવા કિસ્સામાં, અરજદારે પોતાના સોગંદનામામાં તે અંગેના કારણો જણાવવા જોઇશે અને સક્ષમ સત્તાધિકારી તે અંગે વિચારણા કરી શકશે અને તેણે પોતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી, ગુણદોષના આધારે દાવા અંગેનો નિર્ણય એ શરતે કરવો જોઇશે કે અરજદાર પાસે રાષ્ટ્રપતિનાં સંબંધિત હુકમમાં તેની આદિજાતિના જાહેરનામાની તારીખ પહેલા રહેઠાણનું કાયમી સરનામું હોય.

**૪. સક્ષમ સત્તાધિકારીએ, અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવા અથવા તેની અરજી નામંજૂર કરવા માટે અનુસરવાની કાર્યરીતિ.–**

(૧) અધિનિયમની કલમ ૩ હેઠળ અરજી મળ્યેથી, સક્ષમ સત્તાધિકારીએ, એવું સુનિશ્ચિત કરવું જોઇશે કે અરજદારે તમામ બાબતોમાં સંપૂર્ણ માહિતી પૂરી પાડી છે અને તેમણે અરજીની સાથે અરજદારે પૂરા પાડેલા દસ્તાવેજોની યાદી સહિત, અરજી મળ્યાની તારીખ સાથેની સ્વીકૃતિ પહોંચ આપવી જોઇશે.

(૨) સક્ષમ સત્તાધિકારીએ, અરજદારના દાવા અંગે ચકાસણી કરવી જોઇશે અને દાવાની યથાર્થતા અંગેની જાતે ખાતરી કરવી જોઇશે.

(૩) સક્ષમ સત્તાધિકારીએ, અસલ દસ્તાવેજો સાથે દસ્તાવેજોની ખરાઇ કરવી જોઇશે અને અરજદારોએ પૂરી પાડેલી માહિતી, દસ્તાવેજો અને પુરાવાની સત્યતા અંગે ખાતરી થાય, તો તેમણે નમૂના ખ–માં અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર, યોગ્ય રીતે સંપૂર્ણ ભરાયેલી અરજી મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર કાઢી આપવું જોઇશે.

(૪) મહિના દરમિયાન જેમને અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રો કાઢી આપ્યા હોય અથવા યથાપ્રસંગ, જેમના અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રો નામંજૂર કરવામાં આવ્યા હોય તેવા અરજદારોની યાદી, તરત પછીના મહિનાની પમી તારીખ સુધીમાં, સક્ષમ સત્તાધિકારીની કચેરીના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવી જોઇશે અને તે મતલબનું પ્રમાણપત્ર, તેણે નિભાવેલા રજિસ્ટરમાં નોંધવું જોઇશે.

(૫) આવા દરેક પ્રમાણપત્રમાં, નીચેની બાબતો હોવી જોઇશે,-

(ક) સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રનો અનુક્રમ નંબર;

(ખ) સક્ષમ સત્તાધિકારીની સહી અને સરકારી (સત્તાવાર) સીલ;

(ગ) રાષ્ટ્રપતિના હુકમની યાદીમાં જણાવેલ અનુસૂચિત આદિજાતિનો અનુક્રમાંક તેમજ હુકમનું શીર્ષક;

(ઘ) સક્ષમ સત્તાધિકારી તરીકે કાર્ય કરનાર અધિકારીની સહીની નીચે તેમનું નામ અને હોદ્દો;

(ચ) પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખ અને સ્થળ;

(૬) સક્ષમ સત્તાધિકારીને, અરજદારે રજૂ કરેલા પુરાવાની ચકાસણી કર્યેથી તેના દાવા અંગે ખાતરી ન થાય, તો સક્ષમ સત્તાધિકારી, તે માટેના કારણોની નોંધ કર્યા પછી, પોતે યોગ્ય ગણે તેવી વધુ તપાસનો હુકમ કરી શકશે. તપાસ કરવા માટે, સક્ષમ સત્તાધિકારીએ, અરજદાર અથવા સંબંધિત કોઇ અન્ય વ્યક્તિને, તપાસની કાર્યવાહીમાં હાજર રહેવા માટે, નોટિસ આપ્યાની તારીખથી પંદર દિવસની સ્પષ્ટ મુદત આપતી નોટિસ આપવી જોઇશે.

(૭) સક્ષમ સત્તાધિકારી દ્વારા પેટા-નિયમ (૬) હેઠળ જેમને નોટિસ આપવામાં આવી હોય તે વ્યક્તિ, તેમાં જણાવેલી તારીખે તેમની સમક્ષ ઉપસ્થિત રહેવામાં ચૂક કરે, ત્યારે સક્ષમ સત્તાધિકારીએ, તેને વધુ એક તક આપવી જોઇશે અને ત્યારપછી, તે કેસના ગુણદોષના આધારે, અરજી તેમજ ઉઠાવેલા વાંધા, કોઇ હોય, તો તે અંગે નિર્ણય લેવો જોઇશે.

(૮) અરજદાર, સક્ષમ સત્તાધિકારી સમક્ષ ઉપસ્થિત રહેવામાં ચૂક કરે, ત્યારે સક્ષમ સત્તાધિકારીએ, તપાસનો હુકમ કર્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તપાસ પૂરી કરવી જોઇશે.

(૯) અરજદારે અથવા તેના વતી કોઇ અન્ય વ્યક્તિએ રજૂ કરેલા પુરાવા અને અરજદારના નિવેદનની વિચારણા કર્યા પછી અને સક્ષમ સત્તાધિકારીએ એકત્રિત કરેલી મહત્વની સામગ્રીને વિચારણામાં લીધા પછી, સક્ષમ સત્તાધિકારીને દાવાની સત્યતા (યથાર્થતા) અંગે ખાતરી થાય, તો તેણે, અરજીની તારીખથી પિસ્તાળીસ દિવસની મુદતની અંદર અરજદારને અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર આપવું જોઇશે. સત્તાધિકારીને ખાતરી ન થાય તેવા કિસ્સામાં, તે (સત્તાધિકારી), તે માટેના કારણોની નોંધ કર્યા પછી અરજી નામંજૂર કરી શકશે.

(૧૦) અરજી નામંજૂર થયાના કિસ્સામાં, સક્ષમ સત્તાધિકારીએ, અરજદારને હુકમ કર્યા પછી તરત જ હુકમની એક નકલ નિ:શુલ્ક આપવી જોઇશે અને તેની રસીદ મેળવવી જોઇશે. સક્ષમ સત્તાધિકારીએ, હુકમના અમલી ભાગની નીચે ખાસપણે એવું જણાવવું જોઇશે કે અરજદારને અપીલ કરવાનો હક છે અને તેમાં અપીલ સત્તાધિકારી માટેની મર્યાદાની મુદત વિષે જણાવવું જોઇશે.

**૫. સન ૧૯૫૬ના ઓક્ટોબર મહિનાની ૨૯મી તારીખના રાષ્ટ્રપતિના હુકમ એસઆરઓ-૨૪૭૭-એ પ્રમાણે જેમને વિસ્તારવિશેષ અનામત આપવામાં આવ્યું હોય તેમણે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવાની કાર્યરીતિ:**

(૧) સક્ષમ સત્તાધિકારીને, તે ખાસ આદિજાતિને અનુસૂચિત જાહેર કરતા રાષ્ટ્રપતિના હુકમના જાહેરનામાની તારીખે, પોતે અથવા જેના પિતા અથવા દાદા અથવા પરદાદા (જે કોઈપણ લાગુ પડે તે) તે સક્ષમ સત્તાધિકારીની પ્રાદેશિક હકૂમતની અંદર કાયમી રીતે રહેતા હોય તે અરજદારના સંબંધમાં, આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા રહેશે.

(૨) અરજદાર અથવા તેના પિતા અથવા દાદા અથવા પરદાદા (જે કોઈપણ લાગુ પડે તે) તે સક્ષમ સત્તાધિકારીના હકૂમતની અંદરના કોઇ સ્થળના કાયમી રહેવાસી ન હોય તેવા કિસ્સામાં, સક્ષમ સત્તાધિકારીની પ્રાદેશિક હકૂમતની અંદર સેવા, રોજગાર, શિક્ષણ અથવા જેલમાં કારાવાસ (કેદ) વગેરેના હેતુ માટે, અરજદારના હંગામી રહેઠાણથી, તે સક્ષમ સત્તાધિકારીને, અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવા માટેની હકૂમત મળશે નહિ.

(૩) રાષ્ટ્રપતિના હુકમ પ્રમાણે જેમને વિસ્તારવિશેષ અનામત આપવામાં આવ્યું હોય અને જેઓ માની લીધેલી તારીખે સંબંધિત વિસ્તારના કાયમી રહેવાસી હોય તેવી અનુસૂચિત આદિજાતિના કિસ્સામાં, અનુસૂચિત આદિજાતિનું પ્રમાણપત્ર કાઢી આપવાની પ્રાદેશિક હકૂમત ધરાવતા સક્ષમ સત્તાધિકારીને જ પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા રહેશે.

(૪) અરજદારે, રાષ્ટ્રપતિના જાહેરનામાની જાહેરાતની તારીખે, તેઓ જ્યાંના કાયમી રહેવાસી હોય ત્યાંની પ્રાદેશિક હકૂમત ધરાવતા સક્ષમ સત્તાધિકારીને, અનુસૂચિત આદિજાતિના પ્રમાણપત્ર માટેની અરજી રજૂ કરવી જોઈશે.

(૫) અરજદારે, જાહેર કરેલા વિસ્તારમાં રાષ્ટ્રપતિના જાહેરનામાની જાહેરાત થયેથી, આ નિયમોના નિયમ ૩ પ્રમાણેના તમામ દસ્તાવેજ સહિત (તે વિસ્તારના) કાયમી નિવાસી હોવાના દસ્તાવેજી પુરાવા રજૂ કરવા જોઈશે.

**૬. સક્ષમ સત્તાધિકારી દ્વારા રેકર્ડનો નિભાવ.–**

(૧) સક્ષમ સત્તાધિકારીએ, તેણે કાઢી આપેલા અનુસૂચિત આદિજાતિના પ્રમાણપત્રોનું રજિસ્ટર, નમૂના–ગ–માં નિભાવવું જોઇશે.

(૨) સક્ષમ સત્તાધિકારીએ પ્રત્યેક કેલેન્ડર માસ દીઠ કાઢી આપેલા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રોના રજિસ્ટરના ઉતારા, તરત પછીના મહિનાની ૫–મી તારીખ પહેલાં નીચેના સત્તાધિકારીઓને મોકલવા જોઈશે:–

(ક) કમિશનર, આદિજાતિ વિકાસ વિભાગ;

(ખ) સંબંધિત ચકાસણી સમિતિ;

(ગ) સંબંધિત જિલ્લા કલેક્ટર;

(ઘ) મદદનીશ કમિશનરની કચેરી, આદિજાતિ વિકાસ વિભાગ.

(૩) સક્ષમ સત્તાધિકારીએ તેવી રીતે નિભાવેલું અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રોનું રજિસ્ટર, સામાન્ય લોકોને જોવા માટે ખુલ્લું રાખવું જોઈશે.

**૭. અપીલ સત્તાધિકારી.–**

(૧) સક્ષમ સત્તાધિકારી દ્વારા આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવા માટેની અરજી નામંજૂર કરવામાં આવે, તો અરજદાર, નામંજૂરીના હુકમની સામે, નામંજૂરીના હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર સંબંધિત અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે.

(૨) અપીલ સત્તાધિકારીએ, જે કારણસર અપીલ કરવામાં આવી હોય તે કારણોની તપાસ કરવી જોઈશે અને જરૂરી જણાય, તો વધુ દસ્તાવેજો પણ મેળવવા અથવા મંગાવવા જોઈશે અને સક્ષમ સત્તાધિકારીનું વધુ રેકર્ડ મંગાવવું જોઈશે અને ત્રણ મહિનાની મુદતની અંદર, આ બાબતમાં પોતાને યોગ્ય અને ઉચિત લાગે તેવો હુકમ કરવો જોઈશે.

(૩) અપીલ સત્તાધિકારીએ, અરજદારને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, યોગ્ય જણાય તેવો હુકમ કરવો જોઈશે.

(૪) અપીલ સત્તાધિકારીએ આવી રીતે કરેલા હુકમની એક નકલ, અરજદારને અને હુકમ મુજબના પગલાં લેવા માટેના આદેશ સાથે સંબંધિત સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઈશે.

**૮. ચકાસણી સમિતિની બેઠક અને તેનું કોરમ.–**

(૧) નિર્ણયો માટેની સુનાવણી અથવા બેઠક માટે, અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિનું કોરમ કુલ પાંચ સભ્યોમાંથી નીચે જણાવેલ ત્રણ સભ્યોનું રહેશે:–

(ક) અધ્યક્ષ;

(ખ) સભ્ય–સચિવ;

(ગ) કોઈ બીજા સભ્ય.

(૨) બહુમતીનો નિર્ણય, એ ચકાસણી સમિતિનો નિર્ણય રહેશે.

(૩) ચકાસણી સમિતિની બેઠક એક મહિનામાં ઓછામાં ઓછી એક વાર મળશે.

**૯. તકેદારી એકમ (સેલ)ની રચના.–**

(૧) રાજ્ય સરકાર, તપાસ કરવા માટે, દરેક અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિને મદદ કરવા, તકેદારી એકમની રચના કરશે, જે નીચેના સભ્યોનું બનશે:–

(૧) એક નાયબ પોલીસ અધીક્ષક;

(૨) રાજ્ય સરકારે નીમેલ પોલીસ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી;

(૩) રાજ્ય સરકારે નિમણૂક/નામનિયુક્ત કરવાના અન્ય સભ્ય.

તકેદારી એકમ (સેલ)–એ, ઉમેદવારના સામાજિક દરજ્જાના દાવાની તપાસ કરવી જોઈશે અને તેના રહેઠાણની સ્થાનિક જગ્યા તથા તે જ્યાંનો વતની હોય અને સામાન્ય રીતે રહેતો હોય તે મૂળ જગ્યા–ની અથવા નગર અથવા શહેર–માં સ્થળાંતરના કિસ્સામાં, તે મૂળ જ્યાંનો વતની હોય તે સ્થળની મુલાકાત લેવી જોઈશે. તકેદારી એકમ (સેલ)–એ, ઉમેદવારે અથવા વાલી અથવા યથાપ્રસંગ, પાલક–એ કરેલા સામાજિક દરજ્જાના દાવાની તમામ બાબતોની વ્યક્તિગત રીતે ખરાઈ કરીને, તે એકત્ર કરવી જોઈશે. તેણે, શાળાના રેકર્ડ્સ, જન્મ નોંધણી, હોય તો, તેની તપાસ પણ કરવી જોઈશે. તેણે, તેમની જ્ઞાતિ–વિગેરેના સંબંધમાં, વાલી, પાલક અથવા ઉમેદવાર–ની અથવા ઉમેદવારના સામાજિક દરજ્જાની જાણકારી ધરાવતી

હોય તેવી બીજી વ્યક્તિઓની પણ તપાસ કરવી જોઇશે અને ત્યારપછી, તેણે, આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયો-વિગેરેના વિશિષ્ટ નૃવંશશાસ્ત્રીય અને વંશીય લક્ષણો, કુળદેવી, સંબંધિત જ્ઞાતિઓ અથવા તેમના દ્વારા થતી ધાર્મિક વિધિઓ, રીતરિવાજો, લગ્ન, મૃત્યુ પ્રસંગો-ની રીત, મૃત શરીરોના અંતિમસંસ્કાર (દફનવિધિ)ની રીત-વિગેરેને લગતી આદિજાતિઓની તમામ વિગતો સાથે, ચકાસણી સમિતિને એક રિપોર્ટ રજૂ કરવો જોઇશે. રિપોર્ટમાં, ઉમેદવારના સામાજિક દરજ્જાને લગતો તકેદારી એકમ (સેલ)નો સ્પષ્ટ અભિપ્રાય હોવો જોઇશે.

**૧૦. ચકાસણી સમિતિ દ્વારા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની ખરાઇ કરવા બાબત.-**

(૧) ચકાસણી સમિતિના કાર્યો:- ચકાસણી સમિતિ-એ, ચૂંટણીઓ, સરકારી નોકરીઓ, ધોરણ ૧૦ પછી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ-માં ઉમેદવાર માટેના અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની તપાસ કરવી જોઇશે. અહીં ઉલ્લેખેલા હેતુઓ માટે ખરાઇ પ્રમાણપત્ર મેળવ્યા પછી જ, લાભ મેળવનાર વ્યક્તિ, અનુસૂચિત આદિજાતિ તરીકેના લાભો લઇ શકશે.

(૨) સક્ષમ સત્તાધિકારી પાસેથી અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવ્યા પછી, અધિનિયમની કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા હેતુ માટે, અનુસૂચિત આદિજાતિઓને ઉપલભ્ય લાભો અથવા છૂટછાટો લેવા ઇચ્છુક કોઇપણ વ્યક્તિએ, આવા પ્રમાણપત્રની ખરાઇ માટે અને તેનું માન્યતા પ્રમાણપત્ર મેળવવા માટે, સંબંધિત ચકાસણી સમિતિને નમૂના ઘ માં અગાઉથી અરજી કરવી જોઇશે.

(૩) અરજદારે, આદિજાતિ પ્રમાણપત્રની ખરાઇ કરાવવા માટે, પોતાની અરજી સાથે નીચે દર્શાવેલા દસ્તાવેજો રજૂ કરવા જોઇશે.-

(ક) અસલ દસ્તાવેજો:-

(૧) એક પ્રમાણિત નકલ સાથે અરજદારનું અસલ અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર;

(૨) નમૂના-ચ-માં સોગંદનામું.

(ખ) અરજદારના સંબંધમાં જેની ફક્ત પ્રમાણિત નકલો જ રજૂ કરવાની રહેશે તેવા દસ્તાવેજો:-

(૧) પ્રાથમિક શાળા છોડ્યાનું પ્રમાણપત્ર;

(૨) શાળા પ્રવેશ રજિસ્ટરનો ઉતારો;

(૩) જન્મ રજિસ્ટરનો ઉતારો.

(ગ) પિતાના સંદર્ભમાં દસ્તાવેજો:-

(૧) જન્મ રજિસ્ટરનો ઉતારો;

(૨) પ્રાથમિક શાળા છોડ્યાનું પ્રમાણપત્ર;

(૩) શાળા પ્રવેશ રજિસ્ટરનો ઉતારો;

(૪) અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર;

(૫) પિતા નોકરી (સેવા) કરતા હોય, તો (તેમના) આદિજાતિની નોંધ ધરાવતા સર્વિસ રેકર્ડ (બુક)ના પાનાંનો ઉતારો;

(૬) પિતા નિરક્ષર હોય, તો અરજદારના પિતૃપક્ષના લોહીનું સગપણ ધરાવતા હોય તેવા વયસ્ક (વડીલ)નું પ્રાથમિક શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને શાળા પ્રવેશ રજિસ્ટરનો ઉતારો.

(ઘ) અન્ય દસ્તાવેજો.–

(૧) મહેસૂલી રેકર્ડ જેવા કે જન્મ રજિસ્ટર, ૭/૧૨નો ઉતારો, વેચાણખત, ૭૩–ક/૭૩–કક–વિ. ની નોંધો સમાવિષ્ટ કરતા રેકર્ડ્સ ઓફ રાઇટ્સ (હકપત્રકો) (ગામ નમૂના નં–૬)–વિગેરે;

(૨) રાષ્ટ્રપતિના સંબંધિત હુકમની જાહેરાત થયે કે તે પહેલાં, કોઇ ચોક્કસ વિસ્તારમાં કાયમી રહેઠાણ સાબિત કરતો હોય તેવો દસ્તાવેજી પુરાવો;

(૩) અરજદાર આદિજાતિનો (હોવાના) દાવાના સમર્થનમાં જેમણે માન્યતા પ્રમાણપત્રો રજૂ કર્યા હોય તેવા નજીકના સગાંના સોગંદનામા;

(૪) અરજદારે, ચકાસણી સમિતિ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ખરાઈ કરવા માટે અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજો રજૂ કરવા જોઈશે.

(૫) ચકાસણી સમિતિ દ્વારા કોઈ અન્ય દસ્તાવેજોની માંગણી કરવામાં આવે, તો અરજદારે આવશ્યક દસ્તાવેજો રજૂ કરવા જોઈશે.

**૧૧. ચકાસણી સમિતિએ અનુસરવાની કાર્યરીતિ.–**

(૧) અરજી મળ્યેથી, ચકાસણી સમિતિએ, અરજીની ચકાસણી કરવી જોઈશે અને અરજદારે રજૂ કરેલ માહિતી અને દસ્તાવેજોની ખરાઈ કરવી જોઈશે અને બે બે મહિનાની અંદર અરજી મંજૂર કરવી જોઈશે. સભ્ય સચિવે, નમૂના છ માં ઠરાવેલા રજિસ્ટરમાં ખરાઈ માટે અરજીની નોંધણી કરવી જોઈશે.

(૨) ચકાસણી સમિતિને, અરજદારે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓથી સંતોષ ન થાય, તો ચકાસણી સમિતિએ, શાળા, ઘર અને અન્ય સ્થળોએ તપાસ કરવા માટે અરજી, તકેદારી એકમ (સેલ)ને મોકલવી જોઈશે.

(૩) તકેદારી એકમ (સેલ)ના અધિકારીઓએ, રહેઠાણના સ્થાનિક સ્થળે અને અરજદાર જે જગાએથી આવતો હોય અને સામાન્ય રીતે જ્યાં રહેતો હોય તે મૂળ સ્થળે અથવા (અરજદારનું) સ્થળાંતર થયું હોવાના કિસ્સામાં, તે (અરજદાર) મૂળ જે નગર, શહેર અથવા સ્થળેથી આવેલો હોય, તે નગર, શહેર અથવા સ્થળની મુલાકાત લેવી જોઈશે.

(૪) તકેદારી એકમ (સેલ)ના અધિકારીઓએ, પોતે, અરજદારે અથવા તેના માતા–પિતાએ અથવા યથાપ્રસંગ, વાલીએ દાવો કરેલા સામાજિક દરજ્જાની તમામ હકીકતોની પણ ખરાઈ કરવી જોઈશે અને (હકીકતો) એકત્રિત કરવી જોઈશે.

(૫) અરજદારની તેમના આદિજાતિના હોવા (અંગે)ની ખરાઈના હેતુ માટે તકેદારી એકમ (સેલ)–એ, (તેના) માતા–પિતા અથવા વાલી અથવા અરજદારની પણ તપાસ કરવી જોઈશે.

(૬) તપાસ પૂર્ણ થયા પછી, તકેદારી એકમ (સેલ)–એ તેનો અહેવાલ (રિપોર્ટ) ચકાસણી સમિતિને રજૂ કરવો જોઈશે અને ચકાસણી સમિતિએ તકેદારી એકમ (સેલ)–એ રજૂ કરેલા અહેવાલ (રિપોર્ટ)ની ચકાસણી કરવી જોઈશે.

(૭) તકેદારી એકમ (સેલ)નો અહેવાલ (રિપોર્ટ) અરજદારની તરફેણમાં હોવાના કિસ્સામાં અને ચકાસણી સમિતિને, અરજદારનો દાવો વાજબી અને ખરો હોવા અંગે ખાતરી થાય, તો ચકાસણી સમિતિએ, નમૂના–જ–માં માન્યતા પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

(૮) ચકાસણી સમિતિને, તકેદારી એકમ (સેલ)ના અહેવાલ (રિપોર્ટ) અને અન્ય ઉપલબ્ધ દસ્તાવેજોના આધારે, અરજદારના દાવાની ખાતરી ન થાય, તો (ચકાસણી) સમિતિએ, અરજદારને કારણદર્શક નોટિસ આપવી જોઈશે અને યોગ્ય રજિસ્ટર્ડ રસીદી ટપાલ મારફત ચકાસણી અધિકારીના અહેવાલ (રિપોર્ટ)ની એક નકલ પણ મોકલવી જોઈશે. સંબંધિત વિભાગના વડા (એટલે કે આદિજાતિ વિકાસ કમિશનર)–ને પણ એક નકલ મોકલવી જોઈશે. જો કોઈ રજૂઆત કરવાની હોય અથવા જવાબ આપવાનો હોય તો તે નોટિસ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર અને કોઈપણ સંજોગોમાં નોટિસ મળ્યાની તારીખથી વધુમાં વધુ ત્રીસ દિવસની અંદર રજૂ કરવા માટે નોટિસમાં દર્શાવવું જોઈશે. અરજદાર મોકૂફી માટે અથવા સમયમર્યાદા વધારવા માટે વિનંતી કરે, તો વાજબી સમય આપી શકાશે.

(૯) (ક) ચકાસણી સમિતિને, વ્યક્તિગત સુનાવણી પછી, દાવાની યથાર્થતા અંગે ખાતરી થાય, તો તેણે નમૂના–જ–માં માન્યતા પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે. ચકાસણી સમિતિએ, નમૂના–ઝ–માં, કાઢી આપેલા અનુસૂચિત આદિજાતિ માન્યતા પ્રમાણપત્રનું રજિસ્ટર નિભાવવું જોઈશે.

(ખ) ચકાસણી સમિતિને, વ્યક્તિગત સુનાવણી પછી, દાવાની યથાર્થતા અને અનુસૂચિત આદિજાતિના પ્રમાણપત્રની સત્યતા અંગે ખાતરી ન થાય, તો તેણે પ્રમાણપત્ર રદ કરવાનો અને જપ્ત કરવાનો હુકમ કરવો જોઈશે અને રજિસ્ટરમાં જરૂરી નોંધ કરવા અને વધુ જરૂરી કાર્યવાહી માટે તેની જાણ સક્ષમ સત્તાધિકારીને કરવી જોઈશે. ત્યાર પછી, અનુસૂચિત આદિજાતિના પ્રમાણપત્ર પર ''રદ કરેલું અને જપ્ત કરેલું'' તે પ્રમાણેનો સિક્કો મારવો જોઈશે.

(૧૦) (ક) ચકાસણી સમિતિએ, અરજી મળ્યેથી બે મહિના કરતાં વધારે ન હોય તેટલી મુદતમાં અરજદારના દાવા પર નિર્ણય લેવો જોઈશે.

(ખ) ચકાસણી સમિતિએ, તપાસના નિર્ણયની તારીખથી એક મહિનાની અંદર, માતા–પિતા/વાલી અને અરજદારને જાણ કરવી જોઈશે.

**૧૨. ફરિયાદ:–**

(૧) આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપેલ હોય તેવી વ્યક્તિ, તે આદિજાતીની નથી, તેવી કોઈ ફરિયાદ અથવા આરોપ હોય, તો સંબંધિત સંબંધિત ચકાસણી સમિતિએ તપાસ કરવી જોઈશે.

(૨) સંબંધિત ચકાસણી સમિતિએ, ફરિયાદ મળ્યાની તારીખથી બે મહિનાની મુદતની અંદર એવી તમામ ફરિયાદોનો નિર્ણય કરવો જોઈશે. સદરહુ આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપેલ હોય તેવા સક્ષમ અધિકારીને, અધિનિયમની કલમો ૧૧ અને ૧૨ મુજબ અરજદારની સામે યોગ્ય પગલાં લેવા, ચકાસણી સમિતિના નિર્ણયની જાણ કરવી જોઈશે.

(૩) ચકાસણી સમિતિએ, સંબંધિત શિસ્ત નિયમો હેઠળ ખોટું આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવા વાળા અધિકારીની સામે જરૂરી પગલાં લેવા માટે કમિશનર, આદિજાતી વિકાસ, ગાંધીનગર–ને પણ સમિતિના નિર્ણયની જાણ કરવી જોઈશે.

૧૩. **પ્રમાણિત નકલો.**–ફરિયાદી સિવાયની કોઇ વ્યક્તિ પાસેથી નિર્ણયની પ્રમાણિત નકલ મેળવવા માટેની અરજી મળ્યેથી ચકાસણી સમિતિ, તેને યોગ્ય ખાતરી થયા પછી, પોતાના નિર્ણયની પ્રમાણિત નકલ પૂરી પાડી શકાશે.

૧૪. **સંબંધિત ચકાસણી સમિતિએ ફરિયાદ દાખલ કરવા બાબત.**– સંબંધિત ચકાસણી સમિતિના સભ્ય સચિવને સુનાવણીની તક આપ્યા પછી, રાજ્ય સકરકારની પૂર્વ–મંજૂરીથી, જેણે ઈરાદાપૂર્વક અથવા જાણી જોઈને ખોટું અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય તે સંબંધિત અધિકારી વિરૂદ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા હકૂમત ધરાવતી ફોજદારી કોર્ટમાં ફરિયાદ દાખલ કરવી જોઇશે.

૧૫. **માન્યતા પ્રમાણપત્રની ડુપ્લિકેટ (બીજી નકલ) કાઢી આપવા માટેની પદ્ધતિ.**– અસલ માન્યતા પ્રમાણપત્ર ખોવાઇ જાય અથવા ચોરાઈ જાય અથવા આગ લાગવી, પૂર આવવું, ધરતીકંપ થવો વગેરે જેવી કુદરતી આપત્તિને કારણે નાશ પામે, તો અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિએ, મૂળ રેકર્ડની ખરાઈ કર્યા પછી લેમિનેટ કરાવેલી ડુપ્લિકેટ (બીજી નકલ) કાઢી આપવી જોઈશે. માન્યતા પ્રમાણપત્રની ડુપ્લિકેટ (બીજી નકલ) કાઢી આપવા માટેની અરજી યોગ્ય રીતે કરેલા સોગંદનામા સાથે કરવી જોઈશે. આવા પ્રમાણપત્ર પર સ્પષ્ટ રીતે ''ડુપ્લિકેટ (બીજી નકલ)'' એમ લખેલું હોવું જોઈશે.

૧૬. **સક્ષમ સત્તાધિકારી અને અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિ દ્વારા રેકર્ડની જાળવણી (સાચવણી) કરવા બાબત.**–

(૧) (૧) સક્ષમ સત્તાધિકારીએ અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રોના રેકર્ડની જાળવણી, નીચે જણાવ્યા મુજબ કરવી જોઈશે:–

(૧) અનુસૂચિત આદિજાતિના પ્રમાણપત્ર કાઢી આપ્યાનું એકત્રિત રજિસ્ટર: કાયમી રેકર્ડ.

(૨) વ્યક્તિગત કેસ:– ત્રીસ વર્ષ

(૩) કોઈ અન્ય રેકર્ડ:– દસ વર્ષ.

(૨) ચકાસણી સમિતિએ, નીચે જણાવ્યા મુજબ રેકર્ડની જાણવણી કરવી જોઈશે:–

| | |
|---|---|
| (૧) કેસ રજિસ્ટર | કાયમી રેકર્ડ. |
| (૨) વ્યક્તિગત કેસ રેકર્ડ | ત્રીસ વર્ષ. |
| (૩) કોઈ અન્ય રેકર્ડ | દસ વર્ષ. |

**નમૂનો "ક"**

**[જુઓ નિયમ ૩(૧)]**

**અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટેનું અરજીપત્ર**

પ્રતિ,
સત્તાધિકારી,

| અરજદારનો ફોટોગ્રાફ |
|---|

**વિષય:– અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી.**

હું, નીચે સહી કરનાર ......................................, મારા, મારા પુત્ર/પુત્રી માટેના અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર માટે વિનંતી કરું છું અને મારા આદિજાતિના હોવાના દાવાના સમર્થનમાં હું નીચેની માહિતી અને દસ્તાવેજો રજૂ કરું છું:–

૧. (ક) અરજદારનું પૂરું નામ :

(ખ) હાલનું સરનામું :

(ગ) તાલુકો અને જિલ્લો :

(ઘ) ટપાલ કચેરીનું નામ :

૨. પિતાનું પુરું નામ અને પૂરું સરનામું (હયાત ન હોય, તો તેમના છેલ્લા રહેઠાણનું સરનામું) :

૩. (૧) અનુસૂચિત આદિજાતિનું નામ:

(૨) પેટા–આદિજાતિ:

૪. પ્રમાણપત્ર જેના માટે જરૂરી હોય, તેવી વ્યક્તિની માહિતી–

(ક) વ્યક્તિનું મૂળ ગામ(સ્થળ)/ તાલુકો/ જિલ્લો ( જ્યાં અરજદારનું કુટુંબ સન ૧૯૫૦ના સપ્ટેમ્બર મહિનાની ૬ઠ્ઠી તારીખે અથવા તે ચોક્કસ આદિજાતિના જાહેરનામાની તારીખે રહેતું હતું.) :

(ખ) કોઈ વ્યક્તિ પોતાના મૂળ ગામ સિવાયના બીજા કોઈ ગામમાં રહેતી હોય, તો તે ગામનું નામ ( રહેઠાણનું સામાન્ય સ્થળ) :

(ગ) જન્મ સ્થળ :

(ઘ) પ્રાથમિક શાળાનું નામ– ગામ, તાલુકો, જિલ્લો, જેમાં તેણે /તેણીએ અભ્યાસ કર્યો હોય. :

(ચ) માધ્યમિક શાળા/ કોલેજનું નામ – ગામ, તાલુકો, જિલ્લો જેમાં તેણે /તેણીએ અભ્યાસ કર્યો હોય. :

૫. અનુસૂચિત આદિજાતિના હોવાના તેના દાવાને સમર્થન આપતા પુરાવા:–

(ક) (૧) અરજદાર, તેના પિતા/ દાદા/ પરદાદા અથવા પિતૃપક્ષના વડીલ સગાના સંબંધમાં જન્મ રજિસ્ટરના ઉતારા. :

(૨) અરજદાર, તેના પિતા અથવા દાદા/ પરદાદાના પ્રાથમિક શાળાના પ્રવેશ રજિસ્ટરના ઉતારા, જો ઉપલભ્ય હોય તો. :

(૩) અરજદાર અને તેના પિતા/દાદા/ પરદાદાનું પ્રાથમિક શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. :

(ખ) તલાટી દ્વારા પ્રમાણિત વંશવૃક્ષ (પરદાદાથી શરૂઆત કરીને):

(ગ) લાઈટ બીલ/ આકરણી રજિસ્ટરમાંથી ઉતારા/ રહેણાંકની વેરા–રસીદ વગેરે;

(ઘ) અરજદારના પિતા અથવા સગા કાકા અથવા પિતૃપક્ષના બીજા કોઈ વડીલ સગાનું ચકાસણી સમિતિએ આપેલું માન્યતા પ્રમાણપત્ર:

અથવા

(ચ) અરજદારના પિતા અથવા લોહીનું સગપણ હોય તેવા સંબંધીઓ કે જે સરકારમાં અથવા બીજી કોઈ સેવામાં નોકરી કરતા હોય, તો આદિજાતિ દર્શાવતી સેવાપોથી(પુસ્તિકા)ના અનુસૂચિત આદિજાતિ દર્શાવતા ઉતારા.

અથવા

(છ) મહેસૂલી રેકર્ડ અથવા ગ્રામ પંચાયત રેકર્ડ,

(જ) નમૂના ક–૧માં આ સાથે જોડેલ સોગંદનામું.

હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે આ અરજીમાં મેં રજૂ કરેલી માહિતી સાચી છે અને હું જાણું છું કે જો પછીથી આ બાબત ખોટી જણાય, તો મારી સામે ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૯, ૨૦૦ અને ૧૯૩ (૨)ની જોગવાઈઓ હેઠળ ફોજદારી કાર્યવાહી કરી શકાશે અને તદનુસાર સજા કરી શકાશે.

આપનો વિશ્વાસુ,

સ્થળ .....................

તારીખ.................... (અરજદારની સહી)

**નમૂનો ક-૧**
**[જુઓ નિયમ ૩(૨)]**

| |
|---|
| અરજદારનો ફોટોગ્રાફ |

**અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા માટેના અરજીપત્ર સાથે સક્ષમ સત્તામંડળને અરજદારે રજૂ કરવાનું સોગંદનામું.**

હું, શ્રી/શ્રીમતી........................., તે.............................નો પુત્ર/ પુત્રી, હાલમાં (સરનામું) ....................................................................ખાતે રહું છું, જેણે પોતાના માટે **અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરેલ છે, અને આથી જાહેર** કરું છું કે:

૧. હું ભારતનો નાગરિક છું:

૨. હું ગુજરાત રાજ્યનો કાયમી રહેવાસી છું,

કાયમી સરનામું.......................................................................................

.........................................................................................................

અથવા

મારા પૂર્વજો સન ૧૯૫૦થી આ રાજ્યમાં રહે છે/ સન ૧૯૫૦ પહેલાં આ રાજ્યમાં સ્થળાંતર કરીને આવેલા છે,

કાયમી સરનામું ...............................................................................................

.........................................................................................................................

૩. મેં ક્યારેય પહેલાં અનુસૂચિત આદિજાતી માટે અરજી કરી નથી અથવા આવું કોઇ પ્રમાણપત્ર મને કાઢી આપવામાં અથવા ગુજરાત રાજ્ય અથવા અન્ય કોઇ રાજ્યના સત્તામંડળ દ્વારા અસ્વીકૃત કરવામાં આવ્યું નથી.

૪. હું ઉપરોકત સરનામાંનો રહેવાસી છું;

૫. હું, ..................રાજ્યનો.......................................આદિજાતિનો છું, જે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત આદિજાતિ તરીકે માન્ય કરેલી છે.

હું ...................... શપથપૂર્વક જાહેર કરું છું કે મારા વિશે ઉપરોક્ત આપેલી માહિતી તદ્દન સાચી છે અને હું આ નિવેદનની ચોકસાઈની સંપૂર્ણ જવાબદારી લઉ છું. જો નિવેદનનો કોઇ ભાગ કોઇપણ સમયે ખોટો જણાય તો, મારા મેળવેલ લાભોને જપ્ત કરવામાં આવશે અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૯૩ હેઠળ શિક્ષાને પાત્ર પણ થશે.

આપનો વિશ્વાસુ,

સ્થળ .....................

તારીખ.................. ( અરજદારની સહી)

**નમૂનો "ખ"**
**[જુઓ નિયમ ૪ (૩)]**
**ગુજરાત સરકાર**
**અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રનો નમૂનો**

| અરજદારનો ફોટોગ્રાફ | પ્રમાણપત્ર ક્રમાંક:<br>સ્થળ:<br>તારીખ: |
| --- | --- |

આથી આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી................................................ શ્રી..................... ના પુત્ર/પુત્રી છે, તે.......................... ગુજરાત રાજ્યના ....................... જિલ્લા ...................... માં.......................... ગામના રહેવાસી છે અને જે અનુક્રમાંક..................... પરની......................... આદિજાતિની વ્યક્તિ છે, જેને નીચેની બાબતો હેઠળ અનુસૂચિત આદિજાતિ તરીકે ઓળખવામાં આવે છે :–

સંવિધાન (અનુસૂચિત જાતિ) હુકમ, ૧૯૫૦:, સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) હુકમ, ૧૯૫૦; સંવિધાન (અનુસૂચિત જાતિ) (સંઘ રાજ્યક્ષેત્ર) હુકમ, ૧૯૫૧, સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) (સંઘ રાજ્યક્ષેત્ર) હુકમ, ૧૯૫૧ હેઠળ.

[અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ યાદી (ફેરફાર) હુકમ, ૧૯૫૬, મુંબઇ પુનર્રચના અધિનિયમ, ૧૯૬૦, પંજાબ પુનર્રચના અધિનિયમ, ૧૯૬૬, હિમાચલ પ્રદેશ રાજ્ય અધિનિયમ, ૧૯૭૦, ઉત્તર-પૂર્વીય વિસ્તાર (પુનર્રચના) અધિનિયમ, ૧૯૭૧ અને સંવિધાન અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ હુકમ (સુધારો) અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬નો અધિનિયમ ક્રમાંક : ૧૦૮મો) દ્વારા સુધારેલ]

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ હુકમ (સુધારા) અધિનિયમ, ૧૯૭૬ દ્વારા સુધારેલ
સંવિધાન (જમ્મુ અને કાશમીર) અનુસૂચિત જાતિ હુકમ, ૧૯૫૬.
સંવિધાન (આંદામાન અને નિકોબાર ટાપુ) અનુસૂચિત જાતિ હુકમ, ૧૯૬૨.
સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત જાતિ હુકમ, ૧૯૬૨.
સંવિધાન (દાદરા અને નગર હવેલી) અનુસૂચિત આદિજાતિ હુકમ, ૧૯૬૨.
સંવિધાન (પુંડૂચેરિ) અનુસૂચિત જાતિ હુકમ હુકમ, ૧૯૬૪.
સંવિધાન અનુસૂચિત આદિજાતિ (ઉત્તર પ્રદેશ) હુકમ, ૧૯૬૭.
સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત જાતિ હુકમ, ૧૯૬૮.
સંવિધાન (ગોવા, દમણ અને દીવ) અનુસૂચિત આદિજાતિ હુકમ, ૧૯૬૮.
સંવિધાન (નાગાલેન્ડ) અનુસૂચિત આદિજાતિ હુકમ, ૧૯૭૦.
સંવિધાન (સિક્કિમ) અનુસૂચિત જાતિ હુકમ, ૧૯૭૮.
સંવિધાન (સિક્કિમ) અનુસૂચિત આદિજાતિ હુકમ, ૧૯૭૮.
સંવિધાન (અનુસૂચિત જાતિ) (સુધારા) અધિનિયમ, ૧૯૯૦.
સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) (સુધારા) અધિનિયમ, ૧૯૯૧.
સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) (દ્વિતીય સુધારા) અધિનિયમ હુકમ, ૧૯૯૧.

સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) વટહુકમ, ૧૯૯૬.

સંવિધાન (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ) હુકમ સુધારા અધિનિયમ, ૨૦૦૨.

સંવિધાન (અનુસૂચિત જાતિ) હુકમ સુધારા અધિનિયમ, ૨૦૦૨.

સંવિધાન (અનુસૂચિત જાતિ) (દ્વિતીય સુધારા) હુકમ સુધારા અધિનિયમ, ૨૦૦૨.

૨. શ્રી/શ્રીમતી/કુમારી*............................................... અને અથવા તેની/તેણીનો પરિવાર સામાન્ય રીતે........................................................ ગુજરાત રાજ્યના ................................... જિલ્લા ........................... ના ............................ ગામ/નગરનો રહેવાસી છે. આ પ્રમાણપત્ર નીચેની બાબતોના આધારે કાઢી આપવામાં આવે છે:-

(૧)

(૨)

(૩)

સીલ

સક્ષમ સત્તાધિકારીની

સહી........................................

(નામ.......................................)

હોદ્દો..........................................

(કચેરીના સીલ સાથે)

નોંધ- અહીં ઉપયોગમાં લેવાયેલ "સામાન્ય રીતે રહેવાસી(ઓ)" શબ્દપ્રયોગનો અર્થ, લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૦-માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે, તે પ્રમાણે રહેશે.

**નમૂનો ગ**

**[જુઓ નિયમ ૬(૧)]**

અરજદારને કાઢી આપેલા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની વિગતો દર્શાવતા, સક્ષમ સત્તામંડળે નિભાવવાના રજિસ્ટરનો નમૂનો

જિલ્લાનું નામ ......................................

સક્ષમ સત્તામંડળનું નામ ..................................

| અનુક્રમાંક | અરજી રજિસ્ટરમાં અરજીનો અનુક્રમાંક | અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપેલ છે અથવા મનાઈ કરેલ છે | જાતિ પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે વ્યક્તિનું નામ | અનુ-સૂચિત આદિ-જાતિની યાદીમાંનો અનુક્રમાંક | અનુસૂચિત આદિજાતિનું નામ | સરનામું | ગામ, તાલુકો | અનુસૂચિત આદિ-જાતિ પ્રમાણપત્ર ક્રમાંક | અનુ-સૂચિત આદિ-જાતિ પ્રમાણ-પત્ર કાઢી આપ્યાની તારીખ | સક્ષમ સત્તાધિકારીનું નામ અને સહી | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

**નમૂનો "ઘ"**

**[જુઓ નિયમ ૧૦(૨)]**

અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની ખરાઈ માટે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિને રજૂ કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,

સભ્ય-સચિવ,

પ્રમાણપત્ર ચકાસણી સમિતિ

..........................................

**વિષય.- અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની ચકાસણી અને ખરાઈ.**

શ્રીમાન,

હું, નીચે સહી કરનાર,..................................................ના હેતુ માટે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની ખરાઈ (દાવો) કરાવવા માંગુ છું. મારા અનુસૂચિત આદિજાતિના દાવાના સમર્થનમાં, હું નીચેની માહિતી અને દસ્તાવેજો રજૂ કરુ છું. તેની ચકાસણી અને ખરાઈ કર્યા પછી, મૂળ પ્રમાણપત્ર પરત કરવા વિનંતી છે.

૧. અરજદારનું પૂરૂ નામ:

હાલનું સરનામું;

ગામ/નગર/શહેર, તાલુકો અને જીલ્લો;

પોસ્ટ ઓફિસનું નામ;

ફોન નંબર:

૨. અરજદારના પિતાનું પૂરૂ નામ
અને કાયમી સરનામું (પિતા હયાત ન હોય, તે કિસ્સામાં
તેમના મૃત્યુંના સમયે દર્શાવેલું કાયમી સરનામું જણાવવું):

૩. અરજદારના પિતાનો હાલનો વ્યવસાય, સાથે સરનામું અને ફોન નંબર:

૪. પિતા નોકરી કરતા હોય, તો ધારણ કરેલ હોદ્દો અને
કામે રાખનારના સરનામા સાથે ફોન નંબર:

૫. પિતાનું શિક્ષણ:

૬. પરિવારનો પરંપરાગત વ્યવસાય:

૭. અરજદાર દ્વારા દાવો કરવામાં આવેલ
અનુસૂચિત આદિજાતિ/પેટા-આદિજાતિ/
આદિજાતિનો ભાગ અથવા સમૂહ:

૮. (ક) અરજદારની માતૃભાષા:

(ખ) બોલી:

(ગ) દેવ/દેવી:

(ઘ) અરજદારના સંબંધીઓ/સમુદાયની પાંચ અટકો:

૯. (ક) અરજદારનું અસલ સ્થળ, જગ્યા (પોસ્ટ), તાલુકો, જિલ્લો.

(ખ) જો સ્થળ છોડી દીધું હોય તો, ક્યારે, કોણે અને શા માટે આ સ્થળ છોડ્યું હતું.

(ગ) તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ રાષ્ટ્રપતિના હુકમ પ્રમાણે અરજદારના પિતા/દાદા રહેતા હતા તે સ્થળનું નામ (ગામ/નગર/શહેર, તાલુકો અને જિલ્લો).

૧૦. (ક) અરજદાર ક્યારથી હાલના સરનામે રહે છે અને અસલ સ્થળ છોડવા માટેના કારણો.

(ખ) હાલમાં કોણ કાયમી સ્થળે રહે છે. તેનું સરનામું અને તેનો ફોન નંબર.

(ગ) વતનના સ્થળે કોઈ મકાન, જમીન છે.

(ઘ) જમીન હોય તો, ૭/૧૨નો ઉતારો/ પ્રમાણ, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમો ૭૩-ક, ૭૩-કક હેઠળની કોઈ નોંધો હોય તો.

૧૧. અરજદારે જેમની પાસેથી અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવ્યું હોય તે સત્તાધિકારી, પ્રમાણપત્રનો ક્રમાંક અને તેની તારીખ.

૧૨. અરજદારે જેના આધારે સક્ષમ સત્તાધિકારી તરફથી અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવ્યું હોય તે દસ્તાવેજો.

૧૩. અરજદાર હાલમાં જયાં અભ્યાસ કરતા હોય તે શૈક્ષણિક સંસ્થાનું નામ, તેના ફેકલ્ટિનું નામ, વર્ષ, ફોન નંબર સાથે સરનામું.

૧૪. અરજદારે અભ્યાસ કર્યો હોય તેવી શૈક્ષણિક સંસ્થાની માહિતી.

શિક્ષણ (અભ્યાસ)ના તબક્કા, શૈક્ષણિક સંસ્થાનું નામ, શિક્ષણ (અભ્યાસ)નો સમયગાળો, (૧) સંસ્થાનું નામ અને સરનામું.

(ક) પ્રાથમિક શિક્ષણ (પહેલા ધોરણની શરૂઆતથી માહિતી આપવી):

(ખ) માધ્યમિક શિક્ષણ:

(ગ) કોલેજ શિક્ષણ:

૧૫. અરજદારના પિતાએ અભ્યાસ કર્યો હોય તેવી શૈક્ષણિક સંસ્થાની માહિતી.

| શિક્ષણ (અભ્યાસ)ના તબક્કા | શૈક્ષણિક સંસ્થાનું નામ અને સરનામુ | શિક્ષણ (અભ્યાસ)નો સમયગાળો |
|---|---|---|
| (ક) પ્રાથમિક શિક્ષણ (પહેલા ધોરણની શરૂઆતથી માહિતી આપવી) | | |
| (ખ) માધ્યમિક શિક્ષણ | | |
| (ગ) કોલેજ શિક્ષણ | | |

૧૬. (ક) અરજદારના કુટુંબના જેમણે શિક્ષણ મેળવેલ હોય તે (ભણેલા) સભ્યો (એટલે કે પિતા, કાકા, મોટો ભાઈ, બહેન, સગા કાકા)ના નામ

(ખ) ઉપરના સભ્યોમાંથી કોઈએ પણ અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર મેળવ્યું હોય અને તેમણે અનુસૂચિત આદિજાતિ તરીકેનો લાભ લીધેલ છે? જો હા, તો ક્યારે અને કેવી રીતે.

૧૭. (ક) આ પહેલા કુટુંબના કોઈપણ સભ્યએ અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની ખરાઈ કરાવી છે? જો હા, તો કુટુંબના તે સભ્યનું નામ, અરજદાર સાથેનો સંબંધ અને ક્યારે અને શા માટે ખરાઈ કરવામાં આવી તે.

(ખ) માન્યતા પ્રમાણપત્ર મેળવ્યું હોય, તો તેનો નંબર અને તેની તારીખ (નકલ જોડવી).

૧૮. નોકરીના હેતુ માટે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર (દાવા)ની ખરાઈ કરવાની હોય, તો અરજદારને નિમણૂક આપતા સત્તાધિકારીનો હોદ્દો, સરનામું અને ફોન નંબર આપવો.–

(ક) પસંદગીની તારીખ :

(ખ) બઢતી મેળવી હોય, તો બઢતીની તારીખ:

(ગ) હાલની કચેરીનું સરનામું અને ફોન નંબર

૧૯. નોકરીના હેતુ માટે અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર (દાવાની) ખરાઈ કરવાની હોય, તો ચૂંટણીની માહિતી આપવી.

(ક) ચૂંટણીનો પ્રકાર અને (જગ્યા) સ્થળ, તાલુકો, જિલ્લો.

(ખ) ચૂંટણીની તારીખ.

(ગ) મતદારક્ષેત્રનું નામ અને નંબર.

૨૦. નીચેના દસ્તાવેજો (મૂળ પ્રમાણપત્ર અને તેની પ્રમાણિત નકલો જોડવી)

(ક) મૂળ દસ્તાવેજો

(૧) પ્રમાણિત નકલ સાથે અરજદારનું અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર.

(૨) સોગંદનામું

(ખ) અરજદારની વિગતોના સંબંધમાં નીચેના દસ્તાવેજની પ્રમાણિત નકલો:–

(૧) અરજદારનું પ્રાથમિક શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

(૨) શાળા પ્રવેશ રજિસ્ટરના ઉતારા.

(૩) જન્મ અને મૃત્યુ રજિસ્ટરના ઉતારા.

(ગ) અરજદારના પિતાના સંબંધમાં નીચેના દસ્તાવેજોની પ્રમાણિત નકલો–

(૧) પ્રાથમિક શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૨) શાળા પ્રવેશ રજિસ્ટરના ઉતારા.

(૩) જન્મ અને મૃત્યુ રજિસ્ટરના ઉતારા.

(૪) ઠરાવેલા નમૂનામાં અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર.

(૫) નોકરીમાં હોય, તો તેની આદિજાતિ દર્શાવતા તેના સેવાપોથીના પહેલા પાના/પાનાંના ઉતારા.

(૬) જો પિતા અભણ હોય, તો અરજદારના સગાં એવા તેનાથી મોટી વયના લોહીના સંબંધીનું પ્રાથમિક શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને શાળા પ્રવેશ રજિસ્ટરના ઉતારા.

(ઘ) અન્ય દસ્તાવેજો–

૧. મહેસૂલી નોંધ જેવી કે ૭/૧૨–ના ઉતારા અથવા મહેસૂલી, જન્મ રજિસ્ટર, વેચાણ ખત, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ના ૭૩૬/૭૩૬૬–ની નોંધ ધરાવતાં હકપત્રકો (ગામ નમૂના નં. ૬) વગેરે.

૨. અરજદારના અનુસૂચિત આદિજાતિના દાવાના સમર્થનમાં માન્યતા પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યા હોય તેવા પિતૃપક્ષના નજીકના સંબંધીના સોગંદનામા;

૩. પિતૃપક્ષના માન્ય અથવા અમાન્ય રાખેલા કોઈપણ પ્રમાણપત્ર વિશેની માહિતી અને તેની વિગતો દર્શાવતું અરજદાર દ્વારા યોગ્ય રીતે કરવામાં આવેલું સોગંદનામું;

૪. અરજદારના અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર(દાવા)ના સમર્થનમાં અન્ય કોઈ સંબંધિત પુરાવા/ દસ્તાવેજો.

ઉપર દસ્તાવેજ પૈકીનો કોઈપણ એક દસ્તાવેજ ઉપલભ્ય ન હોય, તો દસ્તાવેજો ઉપલભ્ય ન હોવાનું કારણ જણાવો.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
.............................................................................................................
...........................................................

મેં, ખરાઈ માટેની અરજી સાથે, ઉપર પ્રમાણે અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલો રજૂ કરી છે. હું લેખિતમાં શપથપૂર્વક જાહેર કરું છું કે મેં અરજીપત્રકમાં રજૂ કરેલી માહિતી મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે અને ખરી છે.

સ્થળ:

તારીખ:

આપનો,

(અરજદારની સહી)

(અરજદારના પિતા/વાલીની સહી)

## નૂમનો ચ

## [જુઓ નિયમ ૧૦(૩)(ક)(૨)]

અરજદાર દ્વારા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની ખરાઈ માટેના અરજીપત્ર સાથે ચકાસણી સમિતિને રજૂ કરવાનું સોગંદનામું.

હું,................................, ................................... નો પુત્ર/ પુત્રી/ પત્ની, ઉંમર........ વર્ષ, ધંધો................., ગુજરાત રાજયના................ જિલ્લાના.............. તાલુકાના..................... ગામ ખાતે રહું છું અને આથી, પ્રતિજ્ઞાપૂર્વક નીચે પ્રમાણે જાહેર કરું છું:-

હું ........................... અનુસૂચિત આદિજાતિની વ્યકિત છું. મેં ............................ એ કાઢી આપેલા તારીખ ........................... ના મારા અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ક્રમાંક ..........ની ખરાઈ માટે અરજી કરી છે.

મારા પિતૃ પક્ષના નીચેના સગાંના અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્રની માન્યતા/ અમાન્યતા અંગેના દસ્તાવેજો અરજી સાથે બીડેલા છેઃ

(૧) .............................................

(૨) .............................................

અરજી સાથે જેમના માન્યતા પ્રમાણપત્ર બીડેલા છે અને જેમના અંગે ઉપર જણાવેલું છે તે સગાંઓ સાથેનો સંબંધ વંશ વૃક્ષમાં દર્શાવેલ છે.

અરજીપત્ર સાથે રજૂ કરેલા તમામ દસ્તાવેજો અને અરજીપત્રક સાથે રજૂ કરેલી તમામ પ્રકારની માહિતી મારી ઉત્તમ જાણ અને માન્યતા અનુસાર સાચી અને ખરી છે.

સહી...............................

.......................................

(અરજદારનું નામ)

* લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું .

## નૂમનો છ

## [જુઓ નિયમ ૧૧(૧)]

### ખરાઈ માટે મળેલી અરજીની નોંધણી કરી, સભ્ય સચિવે નિભાવવાના રજિસ્ટરનો નમૂનો

| અનુ-ક્રમાંક | અરજદારનું નામ | સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલા જાતિ પ્રમાણપત્રનો નંબર | સક્ષમ સત્તાધિકારીએ જાતિ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખ | તાલુકાનું નામ | જિલ્લાનું નામ | ચકાસણી માટે અરજી મળ્યાની તારીખ | અરજીનો નિકાલ કર્યાની તારીખ | અરજીનો નિકાલ કર્યાની વિગતો | | સભ્ય સચિવની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મંજૂરી | અસ્વીકાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

**નમૂનો જ**

**(જુઓ નિયમ ૧૧(૭) અને ૧૩(૯)(ક))**

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિ**

**માન્યતા પ્રમાણપત્ર**

અરજદારનો
ફોટોગ્રાફ

કેસ નં. ..............................

અનુક્રમાંક..................

તારીખ.....................

દસ્તાવેજો અને સંલગ્ન હકીકતોની વિચારણા પછી, પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/ શ્રીમતી/કુમારી............................................................................................................... અનુસૂચિત આદિજાતિની વ્યક્તિ છે.

તેથી, .......................... જિલ્લાના ................................ સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલું તારીખ: ................, ૨૦૨૦-નું .................... નંબર ધરાવતું તેનું/તેણીનું અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર, ચકાસણી સમિતિએ માન્ય ઠરાવ્યું છે.

સીલ

સહી/-

(નામ ......................................................)

સ્થળઃ- સભ્ય સચિવ.

**નમૂનો ઝ**

**[જુઓ નિયમ ૧૧ (૯) (ક)]**

**અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિએ કાઢી આપેલા માન્યતા પ્રમાણપત્રની વિગતો દર્શાવતું રજિસ્ટર.**

| અનુ-ક્રમાંક | ગામ તાલુકો | માન્યતા પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે વ્યક્તિનું નામ | અરજી રજિસ્ટરમાં અરજીનો અનુક્રમાંક | સરનામું | અનુ-સૂચિત આદિ-જાતિ પ્રમાણ-પત્ર ક્રમાંક | માન્યતા પ્રમાણપત્ર ક્રમાંક | આદિ-જાતિનું નામ | અનુ-સૂચિત આદિ-જાતિઓની યાદીમાંનો અનુક્રમાંક | અનુ-સૂચિત આદિ-જાતિ માન્યતા પ્રમાણ-પત્ર કાઢી આપ્યાની તારીખ | સક્ષમ સત્તાધિકારીનું નામ અને સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**જે. આર. ડોડિયા,**

સરકારના સંયુક્ત સચિવ.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.